# Question Booklet

# SVVM-2025

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

પરીક્ષા તા.૧૧/૧૧/૨૦૨૫

કુલ પ્રશ્નો : 100

કુલ ગુણ : 100

કુલ સમય : 60 મિનિટ

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેના માટે OMR ઉત્તરપત્રમાં વિકલ્પ E આપેલ છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજિયાત છે. આ સાથે અલગ આપેલ OMR ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

(2) 1 થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

(3) પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર પોતાનું પ્રશ્નપત્ર ખંડ નિરક્ષકને જમા કરાવવાનું રહેશે.

(4) ઉમેદવારે પોતાના બેઠક ક્માંકની પ્રશ્નપુસ્તિકા અને OMR ઉત્તરપત્ર મળેલ છે તેની ખાતરી કરી લેવી અન્યથા ખંડ નિરીક્ષકનું તરત જ ધ્યાન દોરવું. ઉમેદવારને OMR ઉત્તરપત્ર મળે કે તરજ તેમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક ક્માંક સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે તેમજ બેઠક ક્માંક નીચે આપેલ વર્તુળ પર ઘાટુ કરવાનું રહેશે.

(5) દરેક પ્રશ્નના સાચાં જવાબ શોધવા માટે પ્રશ્નની નીચે ચાર વિકલ્પ આપવામાં આવેલ છે. જે પૈકી ઉમેદવારે ખરા જવાબને પસંદ કરવાનો રહેશે. સાચા જવાબ દીઠ એક ગુણ આપવામાં આવશે અને કોઈ પ્રશ્ન રદ થવાના સંજોગોમાં તે પ્રશ્નના ગુણની પ્રો-રેટા મુજબ અન્ય પ્રશ્નો વચ્ચે વહેંચણી કરી તે મુજબ ગુણ આપવામાં આવશે.પ્રત્યેક ખોટાં જવાબ દીઠ, ખાલી છોડેલ જવાબ દીઠ તથા છેકછાક કરેલ હોય તેવા જવાબ દીઠ, ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબ દીઠ પ્રશ્નને ફાળવેલ ગુણના 1/4 ગુણની કપાત કરવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટું (Encode) કરશે તો 1/4 ગુણ કાપવામાં આવશે નહિ.

(6) પ્રશ્નપત્ર તથા OMR ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્માંક લખવો નહી તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

(7) ઉત્તરપત્ર (OMR SHEET) માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી કરજિયાત છે. બંનેની સહી વિનાની OMR SHEET (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

(8) પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય. માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય મોબાઈલ ફોન, પેજર, કેલ્ક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(9) ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરશિસ્ત ગણાશે.

(10) ઉમેદવારે ભૂરી/ કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહી તથા સફેદ શાહી (White Ink),બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.**

# B

1.સૂર્યોદય પછીની એક સવારે મોહિન્દર અને મલિક એક બીજા સાથે પીઠના ટેકે કાંકરીયા તળાવ પાસે ઊભેલા હતા. મોહિન્દરનો પડછાયો તેની બરાબર ડાબી બાજુએ પડતો હતો. તો મલિકનું મુખ કઈ દિશામાં હતું ?

(A) ઉત્તર

(B) પશ્ચિમ

(C) પૂર્વ

(D) દક્ષિણ

2.રમેશ ભાસ્કરનો ભાઈ છે, શ્રુતિ રમેશની બહેન છે, યજ્ઞેશ સ્મિતાનો ભાઈ છે અને સ્મિતા ભાસ્કરની પુત્રી છે. શોધી કાઢો કે યજ્ઞેશના કાકા કોણ છે.

(A) માહિતી અધૂરી છે.

(B) ભાસ્કર

(C) શ્રુત

(D) રમેશ

3. 6, 13, 28, 59,….?

(A) 125

(C) 122

(B) 119

(D) 120

4.નીચેનમાંથી કયું જૂથ અલગ પડે છે ?

(A) દાદા – દાદી

(B) ભત્રીજો – ભત્રીજા

(C) ભાઈ – ભાભી

(D) કાકા – કાકી

5.એક ફોટા સાથે રાકેશે આંગળી ચીંધી કહ્યું કે મારા મામાની એક બહેનની દીકરીના પિતાના નાના ભાઈનો ફોટો છે. તો ફોટાવાળી વ્યક્તિ રાકેશને શું થાય ?

(A) કાકા

(B) પિતા

(C) નાના

(D) દાદા

6.આ શ્રેણીને જુઓ : 38, 36, 32, 30, 26 પછીની સંખ્યા કઈ આવશે ?

(A)24

(B) 22

(C)26

(D)23

7.4 મિત્રો જયંત, બીરબલ, માઈકલ અને જયકિશનના વજનનો સરવાળો 260 કિલોગ્રામ થાય છે. જયંતનું વજન જયકિશન કરતાં 10 કિલોગ્રામ ઓછું છે, બીરબલનું વજન જયંત કરતાં દોઢગણું છે, જો માઈકલનું વજન 40 કિલોગ્રામ હોય તો જયકિશનનું વજન કેટલું થશે ?

(A) 60 કિલોગ્રામ

(B) 70 કિલોગ્રામ

(C) 80 કિલોગ્રામ

(D) 50 કિલોગ્રામ

8.ધારો કે A C નો પુત્ર છે. C તથાQ બંને સગી બહેનો છે. Z Q ની માતા છે. P Z નો પુત્ર છે. તો નીચેના પૈકી કયો સંબંધ સાચો ?

(A) P એ A ના મામા છે.

(B) Q એ A ની દાદી છે.

(C) C અને P એકબીજાની બહેનો છે.

(D) C અને P મામા મામાના ભાઈઓ છે

9.સવારે સૂર્યોદય બાદ રાજીવ એક થાંભલા સામે ઊભો હતો. થાંભલાનો પડછાયો તેની જમણી બાજુએ પડતો હતો તે કઈ દિશામાં મોં રાખીને ઉભો હશે ?

(A) પશ્ચિમ

(B) ઉત્તર

(C) દક્ષિણ

(D) પૂર્વ

9.એક ચોક્કસ ઘડિયાળમાં સવારના 8 વાગ્યા છે. તો બપોરના 2 કલાક અને 20 મિનિટ સુધીમાં ઘડિયાળનો કલાકનો કાટો કેટલા અંશ ફરશે ?

(A) 180°

(B) 190°

(C) 130°

(D) 32°

10.ગુજરાતમાં વિક્રમસંવત અનુસાર નીચે આપેલા તહેવારોને મહિનાઓ મુજબ ગોઠવતાં સાચો ક્રમ કયો છે ?

1.દશેરા 2.હોળી 3.ગણેશચતુર્થી 4.ગુરુપૂર્ણિમા5. રક્ષાબંધન

(A) 5-3-1-2-4

(B) 3-4-5-1-2

(C) 4-5-3-1-2

(D) 2-4-5-3-1

11.મુંબઈ કરતાં લંડનનો સમય પાંચ કલાક પાછળ છે. લંડનથી રાત્રે બાર વાગ્યે ઉપડેલું વિમાન દસ કલાકની સફર બાદ મુંબઈ પહોંચે ત્યારે મુંબઈનો સ્થાનિક સમય શું હશે ?

(A) સાંજના છ

(B) બપોરના બે

(C) બપોરના ત્રણ

(D) રાત્રે આઠ

12.બાવન પત્તાના ગંજીફામાંથી કોઈ એક પત્તું ખેંચવામાં આવે છે. તે ખેંચાયેલું પત્તું 'ચોકટ'નું હોવાની સંભાવના કેટલી ?

(A) 25ટકા

(B) 50 ટકા

(C) 13 ટકા

(D) આમાંનું કશું નહીં

13.દિલ્હીથી રાત્રે 23-50 (ઇન્ડિયન સ્ટાન્ડર્ડ ટાઈમ) વાગે ઉપડેલું વિમાન 8 કલાક પછી લંડન ઊતરે છે, ત્યારે લંડન કેટલા વાગ્યા હશે?

(A) 7-50

(B) 15-50

(C) 2-20

(D)3-30

14.બે આંકડાની એક સંખ્યામાંથી એકમ અને દશકના આંકડાઓની અદલાબદલી કરીને મળતી સંખ્યાને મૂળ સંખ્યામાંથી બાદ કરવામાં આવતાં 36 મળે છે તો મૂળ સંખ્યામાં દશકનો આંકડો એકમના આંકડાથી કેટલો હશે ?

(A) ચાર જેટલો મોટો

(B) સરખો

(C) ચાર જેટલો નાનો

(D) આમાંનું કશું નહીં

15.મકાનના પંદરમાં માળેથી નીચે ફેંકેલો સિક્કો જમીન પર 12 સેકન્ડ પછી પડે છે. બપોરના 3 કલાક 59 સેકન્ડે તે જ માળેથી એક જાડું પુસ્તક ફેંકવામાં આવે છે. તે કેટલા વાગે જમીન પર પડશે ?

(A) 4 કલાક મિનિટે

(B) 4 કલાક 0 મિનિટ 4 સેકન્ડ

(C) 3 કલાક 59 મિનિટ 56 સેકન્ડ

(D) પુસ્તકનું વજન જાણ્યા વગર કહી શકાય નહીં

16.કોઈ એક દિવસે અમેરિકાના ડેટ્રોઇટ શહેરમાં ગરમી દિલ્હી કરતાં 20 °C જેટલી ઓછી હોય છે. જો ત્યારે દિલ્હીમાં તાપમાન 15° C જેટલી ઓછી છે. જો ત્યારે દિલ્હીમાં તાપમાન 15° C હોય તો ડેટ્રોઇટમાં તાપમાન કેટલું હશે ?

(A) 35 °C

(B) 5 °C

(C) -5 °C

(D) આમાંનું કશું નહીં

17.તમે યાત્રાએ જવા ઉત્તર તરફ નીકળ્યા અને પછી જમણે ફંટાયા. ત્યારબાદ આગળ ચાલીને ફરી જમણે ફંટાયા અને પછી થોડું આગળ ચાલીને ઊંધી દિશામાં ચાલવા લાગ્યા - કઈ દિશા તરફ ?

(A) દક્ષિણ

(B) પશ્ચિમ

(C) ઉત્તર

(D) ચાલેલા અંતરની વિગતો પર કહી શકાય નહીં

18.એક ધનિક પાસે જેટલા લાખ રૂપિયા છે તેને બમણાં કરી તેમાં પાંચ લાખ રૂપિયા ઉમેરીએ તો 8મી જુલાઈ પછી જુલાઈના બાકી રહેતા દિવસો જેટલા લાખ રૂપિયા થાય તો તેની પાસે કેટલા લાખ રૂપિયા હશે ?

(A) 9.5

(B) 9

(C) 14

(D) 10

19.A, B, C અને D એમ ચાર વ્યક્તિઓ એકબીજાની પાછળ પણ એ ક્રમમાં નહીં, ઊભી છે. D વ્યક્તિ C અને A થી આગળ છે. B વ્યક્તિ C ની તુરત જ પાછળ છે. A વ્યક્તિ B ની આગળ છે. તો તે કયા ક્રમમાં ઊભા હશે ?

(A) ABCD

(B) ABDC

(C) DACB

(D) DCAB

20.એક વિદ્યાર્થી ગુણાકારમાં એક સંખ્યાને 27 ના બદલે 72 થી ગુણાકાર કરે તો સાચા ઉત્તરમાં 23175 જેટલો વધારો થાય છે તો તે સંખ્યા કઈ ?

(A) 415

(B) 515

(C) 615

(D) 715

21.સ્મિતાની ઓળખ આપતાં સુકેશે કહ્યું : "તેણી મારી માતાના એક માત્ર ભાઈના એક માત્ર ભાણેજની પત્ની છે. ” તો સ્મિતાનો સુકેશ સાથે શો સંબંધ થાય ?

(A) બહેન

(B) પત્ની

(C) સાળી

(D)વિગત અધૂરી છે.

22.એક પુરુષ તરફ આંગળી કરતાં એક સ્ત્રીએ કહ્યું, "તેની માતા મારી માતાની એક માત્ર પુત્રી છે." તો સ્ત્રીએ પુરુષ સાથે શો સંબંધ હશે?

(A) પુત્રી

(B) બહેન

(C) માતા

(D) દાદીમા

23.ગાડામાં બેઠેલ સ્ત્રીએ કહ્યું, "ગાડું હાંકનારની મા મારા સગા સસરાની સાસુ". સ્ત્રી અને ગાડું હાંકનાર વચ્ચે શો સંબંધ હશે ?

(A) મામો-ભાણેજવહુ

(B) કાકો-ભત્રીજાવહુ

(C) સાળી-બનેવી

(D) ઉપરમાંથી એકેય નહિ

(24) CORREPONDENCE માંથી કયો શબ્દ બનતો નથી ?

(A) CONCORD

(B) RESPONSE

(C) CONCERN

(D) CONCERT

(25) OUTRAGEOUS માંથી કયો શબ્દ બનતો નથી ?

(A) RAGE

(B) GOAT

(C) ROAD

(D) GATE

26. અર્જુન સૂર્યોદય પછી ચાલતો હતો ત્યારે સહદેવે જોયું કે તેની જમણી બાજુ તેનો પડછાયો પડતો હતો. જો સદેવ તેની વિરુદ્ધ બાજુએ (સામેથી) આવતો હોય તો સહદેવનો ચહેરો કઈ દિશામાં હશે ?

(A) પશ્ચિમ

(B) ઉત્તર

(C) દક્ષિણ

(D) પૂર્વ

27. હું ઉત્તર દિશામાં મુખ રાખીને ઉભો છું. મારો મિત્ર મારી પીઠ પાછળ મુખ રાખીને ઉભો છે. મેં મારી જગ્યા ઉપર 90° જમણી દિશામાં વળાંક લીધો અને મારો મિત્ર જમણી તરફ 180° ફર્યો તો હવે મારી અને મારા મિત્રની દિશા જણાવો.

(A) પૂર્વ-ઉત્તર

(B) ઉત્તર-દક્ષિણ

(C) દક્ષિણ-પશ્ચિમ

(D) પૂર્વ-પશ્ચિમ

28. ગોપી પૂર્વ દિશામાં 4 કિમી. સીધી ચાલે છે. પછી ડાબી બાજુ વળી 3 કિમી. ચાલે છે. પુનઃ તે 4 કિમી. ડાબી બાજુ અંતર કાપે છે તો તે પ્રારંભિક બિંદુથી કેટલા અંતરે છે ?

(A) 2 કિમી.

(B) 3 કિમી.

(C) 10 કિમી.

(D) 11 કિમી.

29. એક વર્ગમાં વિભાનો ક્રમ ઉપરથી 16મો છે, જ્યારે નીચેથી 49મો છે. વર્ગમાં કેટલા વિદ્યાર્થીઓ હશે ?

(A) 66

(B) 65

(C) 64

(D) આમાંથી એક પણ નહીં

30. 35 વિદ્યાર્થીઓના વર્ગમાં સંધ્યાનો ક્રમ ઉપરથી સાતમો છે. સવિતાનો ક્રમ સંધ્યાના ક્રમથી ઉપરથી ચાર ક્રમ દૂર છે. તો તેનો નીચેનામાંથી કયો ક્રમ હશે ?

(A) 25મો

(B) 26મો

(C) 28મો

(D) 24મો

31.વૃક્ષોની એક હરોળમાં એક વૃક્ષ ડાબી બાજુથી 7મું છે અને જમણી બાજુથી 14મું છે. તો હરોળમાં કેટલા વૃક્ષો હશે?

(A) 18

(B) 19

(C) 20

(D) 21

32. 49 વિદ્યાર્થીઓના વર્ગમાં આગળથી નીતિનનો ક્રમ 18મો છે. તો પાછળથી નીતિનનો ક્રમ કેટલામો હશે?

(A) 18

(B) 19

(C) 31

(D)32

33. છ મિત્રો A, B, C, D, E અને F વર્તુળાકારે બેઠાં છે. B, F અને C ની વચ્ચે છે. A, E અને D ની વચ્ચે છે. F, D ની ડાબી બાજુએ છે. તો A અને F ની વચ્ચે કોણ છે ?

(A) C

(B) B

(C) D

(D) E

34. પાંચ વિદ્યાર્થીઓ હરોળમાં બેઠા છે. L ની જમણી બાજુ S છે અને ડાબી બાજુ P છે. પણ તે K ની જમણી બાજુ છે. Q ની ડાબી બાજુ S છે. ડાબી બાજુથી પંક્તિમાં પહેલું કોણ બેઠું છે ?

(A) K

(B) L

(C) P

(D) S

35. ફોટો પડાવવા માટે ચાર છોકરીઓ બાંકડા પર બેઠી છે. જેમાં સીમા, રાનીની ડાબી બાજુએ બેઠી છે. મીરા, રાનીની જમણી બાજુએ બેઠી છે. રીતા, રાની અને મીરાની વચ્ચે બેઠી છે. તો આ બધામાંથી ડાબાથી બીજા ક્રમે કોણ બેઠું હશે ?

(A) રાણી

(B) સીમા

(C) મીરા

(D) રીતા

36. જો કોઈ સાંકેતિક ભાષામાં JUNE ને NXPF વડે દર્શાવવામાં આવે છે તો STAY ને શી રીતે દર્શાવી શકાય ?

(a) WVCZ

(b) WWCZ

(c) WWDB

(d) VWZC

37. જો કોઈ સાંકેતિક ભાષામાં PROFESSION ને EFORPNOISS વડે દર્શાવવામાં આવે છે તો DICTIONARY ને શી રીતે દર્શાવી શકાય ?

(a) YRANOI TCID

(b) ITCIDYRNAO

(c) ITCIDYRANO

(d) ITCDIYARNO

38.શીલા ગીતાથી મોટી છે, રમેશ શીલા અને મીનાથી નાનો છે. મીના ગીતાથી નાની છે તો આમાં સૌથી મોટું કોણ?

(A) શીલા

(B) મીના

(C) રમેશ

(D) ગીતા

39.  એક ક્રિકેટ મેચમાં દીપકે રાકેશ કરતાં વધુ રન પરંતુ હિતેશ કરતાં ઓછા રન બનાવ્યા. હિતેશના રન દેવ ના રન બરાબર નથી. દેવે નીરજથી વધુ રન બનાવ્યા, તો સૌથી વધુ રન કોણે બનાવ્યા હશે ?

(A) હિતેશ

(B) દેવ

(C) દીપક

(D) વિગત અધૂરી છે.

40.  A, B, C, D અને E જુદી - જુદી વજનની પેટીઓ છે. E એ ફક્ત A કરતાં વધારે ભારે છે. C એ A અને E કરતાં ભારે છે, પણ B થી ઓછી ભારે છે પરંતુ B એ સૌથી વધુ ભારે નથી. તો સૌથી વધારે ભારે પેટી કઈ છે ?

(A) B

(B) A

(C) D

(D) E

41. 250 ના 18%+320 ના 40%= ?

a. 320

b. 250

c. 173

d. 135

42. 12, 32, 72, 152, .......... ?

a. 300

b. 308

c. 312

d. 318

43. સાડીનો એક વેપારી 25%નફાની ગણતરી સાથેની રૂ.1600 ની વેચાણની કિમંત છાપેલી અમુક સાડીઓ લાવે છે. તે વેપારી આ દરેક સાડી રૂ.1450 લેખે વેચે છે, તો તેને સદી દીઠ કેટલા રૂપિયા નફો મળે?

a. 250

b. 150

c. 260

d. 240

44. રૂ.1500 નું 6%લેખે સદા વ્યાજ 8 માસનું વ્યાજમુદ્દલ કેટલું થાય?

a. રૂ. 1560

b. રૂ. 1580

c. રૂ. 60

d. રૂ. 80

45. એક સંખ્યાને 10%વધારવામાં આવે છે, અને પછી 10% ઘટાડવામાં આવે તો તે સંખ્યા

a. 1% વધે

b. 1% ઓછી થાય

c. 0.1% વધે

d. કોઈ ફેર ના પડે

46. એક સમચોરસની સામસામેની બાજુ 40% અને 30% વધારવામાં આવે છે, તો બનતા લંબચોરસનું ક્ષેત્રફળ ચોરસ ક્ષેત્રફળ કરતાં કેટલું ગણું વધશે?

a. 82 %

b. 72 %

c. 42 %

d. 62 %

47. 3 વર્ષ પેહલા પિતા અને પુત્રની ઉંમરનો સરવારો 40 વર્ષ હતી. 6 વર્ષ પછી તેમની ઉંમરનો સારવારો ........... થશે.

a. 58

b. 49

c. 60

d. 54

48. (a, b) નો ગુ.સા.અ 18 છે, તો લ.સા.અ ................ શક્ય નથી.

a. 72

b. 48

c. 108

d. 36

49. બે સંખ્યાઓનો સરવાળો 45 છે. જો તેમનો ગુણાકાર 7:8 હોય, તો  સંખ્યા શોધો.

a. 14, 16

b. 21, 24

c. 28, 32

d. 35, 40

50. ષટકોણના બધા ખૂણાનો સરવાળો કેટલો થાય છે ?

a. 360

b. 540

c. 720

d. 480

51. રાષ્ટ્રીય ગણિત દિવસે કયા ગણિતશાસ્ત્રીને યાદ કરવામાં આવે છે?

a. બ્રહ્મગુપ્ત

b. ભાસ્કાચાર્ય

c. શ્રીનિવાસ રામાનુજમ

d. આર્ય ભટ્ટ

52. રાષ્ટ્રીય સાંખ્યિકી દિવસ ક્યારે ઉજવાય છે?

a. 29 જૂન

b. 29 જુલાઈ

c. 29મે

d. 29 એપ્રિલ

53. 1થી100 વચ્ચે કેટલી અવિભાજય સંખ્યાઓ આવે છે?

a. 24

b. 23

c. 21

d. 25

54. 1થી100 વચ્ચે કેટલી વિભાજય સંખ્યાઓ આવે છે?

a. 73

b. 74

c. 75

d. 76

55. 1 કિલોમીટર એટલે કેટલા ફૂટ ?

a. 3280

b. 3080

c. 3180

d. 3380

56. એક વ્યક્તિ વાર્ષિક 8% વ્યાજ આપતા બોન્ડમાં રૂ.10,000 પાંચ વર્ષ માટે રોકે છે તો મુદ્દલ પૂરી થયે તેને વ્યાજ સાથે કુલ કેટલી રકમ મળશે ?

a. 15000

b. 14000

c. 12000

d. 13000

57. રૂ.500 નું 8 ટકા લેખે એક વર્ષનું વ્યાજ કેટલું થાય ?

a. 50

b. 40

c. 48

d. 60

58. 0.3 ની વિરોધી સંખ્યા કઈ થાય ?

a. (0.3)

b. 3/10

c. 3

d. (-0.3)

59. (-91) + (-17) નો સરવાળો કેટલો થાય ?

a. 108

b. -108

c. 74

d. -74

60. સંખ્યા રેખા પર 2/5 બિંદુ શૂન્યથી કઈ બાજુએ આવે ?

a. જમણી

b. મધ્યમાં

c. ડાબી

d. સાથે

61. એક ચતુષ્કોણના બે ખૂણાઓનાં માપ 115° અને 45° છે. બાકીના બન્ને ખૂણાઓનાં માપ સરખાં છે, તો તેમનાં માપ ક્યાં હશે?

a. 100°, 100°

b. 80°, 80°

c. 90°, 90°

d. 75°, 75°

62. જો કોઈ વસ્તુની મૂળકિંમતના 5 ગણા, તેની વેચાણ કિંમતના ૪ ગણા બરાબર છે, તો નફાનું પ્રમાણ કેટલા ટકા કહેવાય?

a. 16

b. 20

c. 25

d. 18

63. ત્રણ સંખ્યાઓનું પ્રમાણ 3:4:6 છે અને તે સંખ્યાઓનો ગુણાકાર 1944 છે. આ સંખ્યાઓમાં સહુથી મોટી સંખ્યા કઈ છે?

a. 6

b. 8

c. 18

d. 20

64. બે વિષયોની એક જાહેર પરીક્ષામાં બેઠેલા 120 વિદ્યાર્થીઓ પૈકી 55 વિદ્યાર્થીઓ એક વિષયમાં પાસ, 60 વિદ્યાર્થીઓ બીજા વિષયમાં પાસ અને 22 વિદ્યાર્થીઓ બંને વિષયમાં પાસ થાય છે. તો કેટલા વિદ્યાર્થીઓ બન્ને વિષયોમાં નાપાસ છે?

a. 27

b. 37

c. 130

d. 97

65. ત્રણ આંકડાની કેટલી સંખ્યાઓ છે જેના બધા જ અંકો ભિન્ન હોય?

a. 6

b. 584

c. 648

d. 720

66. 8 ખુરશીની કિંમત 3 ટેબલની કિંમત બરાબર થાય છે. એક ખુરશી અને એક ટેબલની કુલ કિંમત રૂ. 605 થાય છે. તો ખુરશીની કિંમત કેટલા રૂપિયા હશે ?

A.165

B.55

C.192

D.83

67. ચાર ક્રમશઃએકી સંખ્યાઓની સરેરાશ 40 હોય તો બીજી અને ચોથી સંખ્યાનો ગુણાકાર કેટલો થાય ?

A.1599

B.1591

C.1763

D.1677

68. બે આંકડાની એક સંખ્યાનો દશકનો અંક તેના એકમના અંકથી ત્રણ ગણો છે. અંકોની અદલાબદલી કરતાં મળતી સંખ્યા મૂળ સંખ્યાથી 54 જેટલી ઓછી છે, તો તે સંખ્યા શોધો.

A. 97

B.94

C.93

D.83

69. બે અંકોની એક પ્રાકૃતિક સંખ્યાનો ગુણાકાર 15 છે.જો તે સંખ્યામાં 18 ઉમેરવામાં આવે તો મળતી નવી સંખ્યા તે મૂળ સંખ્યાના અંકોની અદલાબદલી કરવાથી મળતી સંખ્યા બને છે,તો તે મૂળ સંખ્યા કઈ હતી?

A.25

B.15

C.35

D.45

70. કોઈ એક સંખ્યાને 56 વડે ભાગવાથી 29 શેષ વધે છે.જો તે સંખ્યાને 8 વડે ભાગીએ તો કેટલી શેષ વધે ?

A.0

B.5

C.4

D.7

71. Change the voice

Did anyone invite Rachana to the party?

(a) Was Rachana invited to the party?

(b) Was Rachana going to be invited to the party?

(c) Is Rachana invited to the party?

(d) Had Rachana been invited to the party by?

72. Two hundred rupees............not a big amount for this book.

(a) are (b) have (c) is (d) were

73. She often …… a lot of questions.

(a) Is asking (b) asks (c) was asking (d) have asked

74. Give verb form

Notice

(a) Notify (b) Noticen (c) Noticise (d) Noticy

75. There is ………. tea in the cup.

(a) little (b) few (c) a few (d) any

76. Indian food is ………..chinese food.

(a) superior than (b) junior to (c) superior to (d) junior than

77. They ………. that she would come.

(a) told to him (b) told of him (c) told him (d) told at him

78. The owner of the house ………. the room.

(a) entered into (b) entered (c) entered at (d) entered on

79. What is the …………… of selection in the examination?

(a) criteria (b) criterions (c) criterion (d) criterias

80. She has found the book ……… she had lost.

(a) which (b) whom (c) who (d) what

81. She............ ill of my friends.

(a) talks never (b) talks always (c) never talk (d) never talks

82. The criminal ran away lest he... be caught.

(a) would (b) might (c) should (d) could

83. No sooner had he entered the room...... he fell.

(a) when (b) then (c) than (d) but

84. She …….. hurry. She is very late.

(a) might (b) must (c) would (d) may

85. Find the correctly spelt word.

(a) Seperately (b) Separately

(c) Seperatley (d) Separatly

**86. સંધિ છોડો - મધ્વાચાર્ય**

**A.મધ્વ +આચાર્ય B.મધ્વા + આચાર્ય**

**C.મધુ + આચાર્ય D.મધ્ + આચાર્ય**

**87. 'વિધિનિષેધ' કયો સમાસ છે ?**

**A.દ્વન્દ્વ B. તત્પુરુષ**

**C. કર્મધારય D. બહુવ્રીહિ**

**88. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?**

**A. વિભીષિકા B. વીભીસિકા**

**C. વિભીસિકા D. વીભીષિકા**

**89. ચક્ષુસ્ + રોગ - સંધિ જોડો.**

**A. ચક્ષુરોગ B. ચક્ષૂરોગ**

**C. ચક્ષુર્રોગ C.ચક્ષૂર્રોગ**

**90. વિરોધાર્થી શબ્દની કઇ જોડ સાચી છે ?**

**A. તેજ - નિસ્તેજ B. પરવા- બેપરવા**

**C. ઉપરના બંને D. બેમાંથી કોઈ નહીં**

**91. નીચેનામાંથી કઈ જોડણી ખોટી છે ?**

**A. સશક્તિકરણ B. ચક્ષુરોગ**

C. બંને D.બેમાંથી એક પણ નહીં

92. વિભક્તિ અંગે કયું વિધાન ખોટું છે?

A તૃતીય વિભક્તિ ક્રિયાનું સાધન દર્શાવે છે.

B 'એ' પ્રત્યયનો ઉપયોગ સપ્તમી વિભક્તિમાં થાય છે.

C.છઠ્ઠી વિભક્તિ એ વિશેષણ વિભક્તિ છે.

D. પાંચમી વિભક્તિ ક્રિયાનો સમય દર્શાવે છે.

93. છૈયાંછોકરાં સિખ્ખે બધાંને નિમંત્રણ છે. વાક્યમાં કેવા પ્રકારનું નિપાત છે?

A. સમાવેશી ભારવાચક B. અસમાવેશી ભારવાચક

C. વ્યાવર્તક ભારવાચક D. સીમાવાચક

94. નીચેનામાંથી કયું શ્લેષ અલંકારનું ઉદાહરણ છે?

A. કોઈની જાન જાય ને કોઈનો જાન.

B. જાગૃતિ વગર કશું ન થાય.

C. ઉપરમાંથી એકેય નહીં

D. ઉપરના બંને.

95. નીચેનામાંથી કયું અવ્યયપદ નથી?

A.સંયોજક B. સર્વનામ

C. કેવળપ્રયોગી D. નામયોગી

96. સંધિ અંગેનો કયો વિકલ્પ ખોટો છે?

A. અનુ +સાર = અનુસાર

B. પ્ર+ નષ્ટ = પ્રનષ્ટ

C. ઉપરના બંને

D. બેમાંથી એકેય નહીં.

97. નીચેનામાંથી કયા શબ્દને અપત્યવાચક પ્રત્યય લાગેલ છે.

A. ભાર્ગવ B. મારુત

C. ઉપરના બંને D. બેમાંથી એકેય નહીં

98.શબ્દ અને અર્થ અંગેનો કયો વિકલ્પ ખોટો છે ?

A. અર્વાચી - દક્ષિણ દિશા

B. પ્રતીચી - દક્ષિણ દિશા

C.પ્રાચી - પૂર્વ દિશા

D.ઉપરમાંથી એક પણ નહીં

99. નીચે આપેલા વિકલ્પોમાં ક્યો શબ્દ સમાનાર્થી નથી તે જણાવો.

A.ઉપવન B.રાન

C.કાનન D.વિપિન

100. શબ્દસમૂહ માટે સાચો વિકલ્પ શોધો.

"ગૂંથીને બનાવેલ જાળીદાર થેલો"

A.ગભલો B.ખેરો

C.ચોરોક D.મસોતો